પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૪૫ | ૪ ઓગસ્ટ, ૨૦૨૧, બુધવાર; અષાઢ વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# રાહત : દેશમાં ૧૦ હજાર કેસ ઘટ્યા

## કોરોનાના નવા ૩૦,૦૨૯ કેસ : ૪૨૦ ના મોત : એક્ટિવ સંક્રમણ ૪.૦૫ લાખની અંદર આવ્યા



ન્યુ દિલ્હી,તા.૩

છેલ્લા ૬ દિવસથી સતત ૪૦ હજારથી વધારે કેસ નોંધાયા બાદ સોમવારના કોરોના કેસોમાં મોટો ઘટાડો જોવા મળ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૩૦,૦૨૯ નવા કેસ સામે આવ્યા છે. આમાંથી ૩૯,૦૨૦ લોકોએ આ બીમારીને હરાવી છે, જ્યારે ૪૨૦ લોકોના મોત થયા છે. કેરળમાં ગઈકાલે ૧૩,૯૮૪ લોકોનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. ૬ દિવસ બાદ કેરળમાં ૨૦ હજારથી ઓછા કેસ નોંધાયા છે. આની અસર દેશના કોરોનાના આંકડા પર જોવા મળી છે.

કેરળમાં સોમવારના ૧૩,૯૮૪ લોકો સંક્રમિત થયા. ૧૫,૯૨૩ લોકો ઠીક થયા અને ૧૧૮ લોકોના મોત થયા છે. અહીં અત્યાર સુધી ૩૪.૨૫ લાખ લોકો કોરોનાની ઝપટવામાં આવી ચૂક્યા છે. આમાં ૩૨.૪૨ લાખ લોકો ઠીક થઈ ચૂક્યા છે, જ્યારે ૧૬,૯૫૬ લોકોના મોત થયા છે. અત્યારે ૧.૬૫ લાખ દર્દીઓની સારવાર ચાલી રહી છે.

અહીં સોમવારના કોરોનાથી રિકવર થનારા લોકોની સંખ્યા નવા કેસોથી વધારે રહી. ઉલ્લેખનીય છે કે કોરોના વાયરસના કારણે

● અનુસંધાન પાન-૭ પર

# ચીનમાં ડેલ્ટા વેરિયન્ટથી ફફડાટ, લોકોને ઘરમાં રહેવા આદેશ

**ચીનના વુહાનમાં કોરોનાએ દેખા દેતાં તંત્ર દોડતું થયું : વુહાનમાં એક વર્ષના લાંબા ગાળા બાદ લોકલ ઈન્ફેક્શનનો પહેલો કેસ જોવા મળ્યો, વુહાનમાં રહેતા તમામ ૧.૧૦ કરોડ લોકોનું ટેસ્ટિંગ કરવામાં આવશે**

બેજિંગ, તા.૩

આખી દુનિયામાં જ્યાંથી કોરોના વાયરસ ફેલાયો હોવાનું મનાય છે તેવા ચીનના વુહાનમાં આ વાયરસે ફરી દેખા દેતા સત્તાધીશો દોડતા થઈ ગયા છે. મંગળવારે વુહાનના વરિષ્ઠ અધિકારી લી તાઓએ એક પ્રેસ કોન્ફરન્સમાં જાહેરાત કરી હતી કે તંત્ર દ્વારા વુહાનમાં રહેતા તમામ ૧.૧૦ કરોડ લોકોનું ટેસ્ટિંગ કરવામાં આવશે. હાલમાં જ વુહાનમાં એક વર્ષના લાંબા ગાળા બાદ લોકલ ઈન્ફેક્શનનો પહેલો કેસ જોવા મળ્યો હતો. વુહાનના વરિષ્ઠ અધિકારીઓનું માનીએ તો સોમવારે લોકલ ટ્રાન્સમિટેડ ઈન્ફેક્શનના સાત નવા કેસ મળ્યા હતા, તમામ દર્દીઓ માઈગ્રન્ટ કામદારો છે. વુહાનમાં ૨૦૨૦માં કોરોના ફાટી નીકળતા આખાય પ્રાંતમાં જડબેસલાક લોકડાઉન લાદી દેવામાં આવ્યું હતું, અને થોડા વખતમાં જ અહીં વાયરસ કાબૂમાં આવી ગયો હતો. જોકે, ત્યારબાદ સમગ્ર વિશ્વમાં તે પ્રસરી ચૂક્યો હતો અને તેણે મહામારીનું સ્વરુપ ધારણ કરી લીધું હતું. ચીનના અન્ય ભાગોમાં પણ કોરોનાના કેસો જોવા મળતા લોકોને ઘરમાં જ રહેવા અને પ્રવાસ ના કરવા કહેવામાં આવી રહ્યું છે. આ સિવાય ચીને મોટાપાયે માસ ટેસ્ટિંગ પણ શરુ કર્યું છે. સમગ્ર ચીનમાં મંગળવારે ૬૧ નવા કેસ નોંધાયા હતા. કોરોનાનો ખૂબ જ ઝડપથી ફેલાતો ડેલ્ટા વેરિયન્ટ ચીનના કેટલાક શહેરો સુધી પહોંચી ગયો છે. તાજેતરમાં જ નાનજિંગ એરપોર્ટના સફાઈ કામદારોમાં નવા વેરિયંટનો ચેપ જોવા મળ્યો હતો અને હવે આખા ચીનમાં આ પ્રકારના કેસ જોવા મળી રહ્યા છે. બેજિંગ સહિતના શહેરોમાં આજકાલ લાખો લોકોનું ટેસ્ટિંગ કરાઈ રહ્યું છે. રહેણાંક વિસ્તારોને કોર્ડન કરવામાં આવી રહ્યું છે.



# મેન્સ હોકીમાં ભારતની બેલ્જિયમ સામે હાર

**ઓલિમ્પિકમાં હવે બ્રોન્ઝ મેડલ જીતવાની તક : ભારતીય પુરૂષ હોકી ટીમ ફાઇનલમાં પહોંચવાની તક ચુકી ગઈ, પાંચ ઓગસ્ટે બ્રોન્ઝ મેડલ માટેનો મુકાબલો**

ટોક્યો,તા.૩

ટોક્યો ઓલિમ્પિકમાં ભારતીય પુરૂષ ટીમે ફાઈનલમાં પહોંચવાની ઐતિહાસિક તક ગુમાવી દીધી છે. બેલ્જિયમ સામે રમાયેલી સેમિફાઇનલમાં ભારતનો ૫-૨થી પરાજય થયો છે. ૧૯૭૨ પછી ઓલિમ્પિકના સેમિફાઈનલમાં પહોંચેલી ભારતીય ટીમ પાસે ગોલ્ડ મેડલ જીતવાની શાનદાર તક હતી, પરંતુ સેમિફાઈનલમાં બેલ્જિયમે શાનદાર પ્રદર્શન કર્યું છે. હવે ભારતીય ટીમ ૫ ઓગસ્ટે બ્રોન્ઝ મેડલ માટેની મેચ રમશે. આ મેચમાં ભારતનો સામનો ઓસ્ટ્રેલિયા અને જર્મની વચ્ચે રમાનારી બીજી સેમિફાઈનલની પરાજીત ટીમ સામે થશે. ભારતીય ટીમ પાસે ૧૯૮૦ પછી ગોલ્ડ મેડલ જીતવાની તક હતી. પરંતુ સેમિફાઈનલમાં વિશ્વની નંબર-૧ ટીમ બેલ્જિયમ સામે ભારતનો પરાજય થયો છે. આ સાથે ભારતીય ટીમે ગોલ્ડ મેડલની તક ગુમાવી દીધી છે. હવે ભારતીય ટીમ પાસે બ્રોન્ઝ મેડલ જીતવાની તક છે.

હેન્ડ્રિક્સે બેલ્જિયમને પેનલ્ટી સ્ટ્રોક પર ચોથો ગોલ અપાવ્યો હતો. આ દરમિયાન હેન્ડ્રિક્સે હેટ્રિક પૂરી કરી હતી. બેલ્જિયમ માટે આ વિજયી ગોલ સાબિત થયો છે. ત્રીજા ક્વાર્ટરમાં કોઈ ટીમ ગોલ કરી શકી નહીં. આ ૧૫ મિનિટની રમતમાં બંને ટીમોને ગોલ કરવાની તક મળી પણ કોઈ ટીમ સ્કોર કરી શકી નહીં.



# મોંઘવારીના વિરોધમાં રાહુલ ગાંધીની સંસદ સુધી સાઈકલ માર્ચ

**રાહુલ ગાંધીનું બ્રેકફાસ્ટ પોલિટિક્સઃ ૧૪ વિપક્ષી પાર્ટીઓ સામેલ થઇ : ભાજપ અને આરએસએસ માટે અવાજ દબાવવો મુશ્કેલ થશે : રાહુલ ગાંધી**

ન્યુ દિલ્હી,તા.૩

વિપક્ષી સાંસદો સાથે નાસ્તા બાદ રાહુલ ગાંધી આજે સાયકલ પર સવાર થઈને સંસદ પહોંચ્યા હતા. રાહુલ ગાંધીની આ સાયકલ માર્ચ બળતણના વધેલા ભાવ સામે વિરોધ હતો. રાહુલ ગાંધીની આ સાયકલ માર્ચમાં વિપક્ષના કેટલાય સાંસદ હાજર હતા. આ પહેલાં દિલ્હીની એક ક્લબમાં રાહુલ ગાંધી સાથે નાસ્તા માટે ૧૪ વિપક્ષી પાર્ટીના નેતા પહોંચ્યા હતા પરંતુ આમ આદમી પાર્ટી અને બહુજન સમાજ પાર્ટીના સાંસદ રાહુલ ગાંધી સાથે નાસ્તા માટે પહોંચ્યા નહોતા.

પેગાસસ જાસૂસી મામલે કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ વિપક્ષ નેતાઓની સાથે મળી સરકાર સામે કેવી રીતે કાર્ય કરવું તે રણનીતિ પર ચર્ચા કરી. રાહુલ ગાંધીએ આપેલા આમન્ત્રણને માન આપી પ્રમુખ વિપક્ષી દળોના નેતા નાસ્તા પર કોન્સ્ટિટ્યુશન ક્લબના ભેગા થયા હતા. રાહુલ ગાંધી ઉપરાંત

● અનુસંધાન પાન-૭ પર




## સંસદ ન ચાલવા દેવી એ બંધારણ અને લોકતંત્રનું અપમાન : મોદી

**સરકાર અને પાર્ટી સાસંદોએ એવા દરેક પગલાં ભરવા જોઈએ જેનાથી સંસદનું કામકાજ સુચારુ રીતે ચલાવી શકાય**

ન્યુ દિલ્હી,તા.૩

સંસદના ચોમાસુ સત્રમાં વિપક્ષના હોબાળાને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સંવિધાન અને લોકશાહીનું અપમાન ગણાવ્યું છે. મંગળવારના બીજેપી સંસદીય દળની બેઠકમાં પ્રધાનમંત્રીએ વિપક્ષ દ્વારા સંસદ ના ચાલવા દેવાને સંવિધાન અને લોકશાહીનું અપમાન ગણાવ્યું. પ્રધાનમંત્રીએ કહ્યું કે, સરકાર અને પાર્ટી સાંસદોએ દરેક એ પગલાં ઉઠાવવા જોઈએ જેનાથી ગૃહને સુચારુ રીતે ચલાવી શકાય.

આ પહેલા બીજેપી સંસદીય દળની બેઠકમાં ઓબીસી વર્ગને મેડિકલના અભ્યાસમાં ૨૭ ટકા અને આર્થિક રીતે નબળા વર્ગ માટે ૧૦ ટકા આરક્ષણ આપવા માટે સાંસદોને પીએમ મોદીએ અભિનંદન પાઠવ્યા. બેઠકમાં પીએમ મોદી સાથે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડા અને અન્ય નેતા પણ સામેલ થયા. આ પહેલા ૨૭ જુલાઈના પણ બીજેપી સંસદીય દળની બેઠકમાં પીએમ મોદીએ કોંગ્રેસ પર જોરદાર નિશાન સાધતા કહ્યું હતું કે, આ પાર્ટી સંસદ નથી ચાલવા દેતી.

## ઓલિમ્પિક ટીમ સ્વતંત્રતા દિવસે વિશેષ અતિથિ હશે

નવી દિલ્હી, તા.૩


ટોક્યો ઓલિમ્પિકમાં ભારતને અત્યાર સુધી બે મેડલ મળ્યા છે અને એક મેડલ પાક્કો થઈ ગયો છે. આ વખતે ભારતના કુલ ૧૨૦ એથ્લીટો ઓલિમ્પિકમાં ભાગ લેવા માટે ટોક્યો પહોંચ્યા હતા. ટોક્યો જતા પહેલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વીડિયો કોન્ફરન્સ દ્વારા કેટલાક એથ્લીટો સાથે ચર્ચા કરી હતી. હવે પીએમ મોદીએ ટોક્યોમાં ભારતનું પ્રતિનિધિત્વ કરવા ગયેલા તમામ એથ્લીટોને ૧૫ ઓગસ્ટના દિવસે ખાસ આમંત્રણ આપશે. દેશના ઈતિહાસમાં પ્રથમવાર આવું થશે સ્વતંત્રતા દિવસ સમારોહના વિશેષ અતિથિ તરીકે લાલ કિલ્લા પર બોલાવવામાં આવશે.

# પવારની અમિત શાહ સાથે મુલાકાતથી અનેક તર્ક-વિતર્ક

**આગામી ચૂંટણીઓ પહેલાં વિપક્ષના એક થવાની વાત : પવારની આ દરમિયાન ચીન સાથે જોડાયેલા ફેડરેશન અને રાજ્યના રાયગઢમાં આવેલ પૂરના મુદ્દે શાહ સાથે વાતચીત**

નવી દિલ્હી, તા.૩

પૂર્વ કેન્દ્રીય મંત્રી અને રાષ્ટ્રવાદી કોંગ્રેસના પ્રમુખ શરદ પવારે મંગળવારે બપોરે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ સાથે મુલાકાત કરી. શરદ પવારે આ દરમિયાન ચીન સાથે જોડાયેલા ફેડરેશન અને રાજ્યના રાયગઢમાં આવેલા પૂરના મુદ્દે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ સાથે વાતચીત કરી. ઉલ્લેખનીય છે કે અમિત શાહ હવે ગૃહ મંત્રી સાથે સહકાર મંત્રી પણ છે. મહારાષ્ટ્રમાં મોસમના કારણે હાલ-બેહાલ છે, કેટલાક જિલ્લામાં પૂરના કારણે સ્થિતિ ઘણી ભયાવહ થઈ ગઈ હતી. આ દરમિયાન રાજ્ય સરકારે કુલ ૧૧૫૦૦ કરોડ રૂપિયાના રાહત-પેકેજનુ એલાન કર્યુ છે. શરદ પવારે ગયા મહિને જ દિલ્હીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી હતી. શરદ પવાર અને પીએમ મોદી વચ્ચે લગભગ એક કલાક સુધી ચર્ચા થઈ હતી. જે બાદ મહારાષ્ટ્રના રાજકારણને લઈને કેટલાક પ્રકારની અટકળો લગાવવામાં આવી હતી. હવે જ્યારે શરદ પવાર અને અમિત શાહની મુલાકાત થઈ, ત્યારે એકવાર ફરી મહારાષ્ટ્ર સહિત રાષ્ટ્રીય રાજનીતિને લઈને કેટલાક પ્રકારના કયાસ લગાવવામાં આવી રહ્યા છે. શરદ પવાર અને અમિત શાહની આ મુલાકાત તે દિવસે થઈ રહી છે, જ્યારે મંગળવારે સવારે જ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ વિપક્ષી પાર્ટીઓને નાસ્તા માટે બોલાવ્યા હતા.


Differentiated diagnostic services provided to over 23 million patients since inception




THE LET'S DO GOOD PACKAGE
- One of the largest and differentiated diagnostic service provider in India (Source: CRISIL Report)
- Provides a range of technology-enabled diagnostic services (Imaging, pathology/ clinical laboratory and tele-radiology services to public and private hospitals, medical colleges and community health centres pan-India)
- Operates one of India's largest tele/ radiology reporting hubs in Pune (Source: CRISIL Report)
- Provides quality and inclusive diagnostic services at affordable rates across various segments
- Focus on the public private partnership ("PPP") diagnostics segment and have the largest presence in the diagnostic PPP segment (Source: CRISIL Report)
- Deployed 1,823 diagnostic centres pursuant to PPP agreements (As of June 30, 2021)
- Collaboration with private healthcare providers (26 diagnostic centres as of June 30, 2021)
- Team of 190 radiologists, 30 pathologists, 8 microbiologists and more than 2,800 qualified professionals (As of June 30, 2021)

krsnaa DIAGNOSTICS® LET'S DO GOOD...®

*This is only a pictorial representation of the map of India. Map not to scale.*
*CRISIL Report: Report titled "Assessment of the diagnostic industry in India with a special focus on government spending" dated July 2021 by CRISIL Limited.*

Call us : 020-68146814 / 020-46954695 | Follow us on | www.krsnaadiagnostics.com

**Krsnaa Diagnostics Limited** is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offering of its Equity Shares and has filed the Red Herring Prospectus dated July 29, 2021 **("RHP")**, with Registrar of Companies, Maharashtra at Pune **("RoC")** and thereafter with The Securities and Exchange Board of India **("SEBI")** and the Stock Exchanges. The RHP shall be available on the website of SEBI at www.sebi.gov.in, websites of the Stock Exchanges i.e. BSE and NSE at www.bseindia.com and www.nseindia.com, respectively, and is available on the websites of the BRLMs i.e. JM Financial Limited, DAM Capital Advisors Limited (Formerly IDFC Securities Limited), Equirus Capital Private Limited and IIFL Securities Limited at www.jmfl.com, www.damcapital.in, www.equirus.com, and www.iiflcap.com, respectively. Bidders should note that investment in equity shares involves a high degree of risk and for details refer to the RHP, including the section titled *"Risk Factors"* of the RHP when available. Potential Bidders should not rely on the DRHP filed with SEBI for making any investment decision.
The Equity Shares offered in the Offer have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended (the **"Securities Act"**) or any other applicable law of the United States and, unless so registered, may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the Securities Act and applicable state securities laws. Accordingly, the Equity Shares are only being offered and sold (i) within the United States only to persons reasonably believed to be "qualified institutional buyers" (as defined in Rule 144A under the Securities Act, "Rule 144A") in transactions exempt from, or not subject to, registration requirements of the Securities Act, and (ii) outside the United States in offshore transactions in reliance on Regulation S under the Securities Act and pursuant to the applicable laws of the jurisdictions where those offers and sales are made. There will be no public offering of the EquityShares in the United States.

Adfactors 195 A